# આજે રાજ્યસભામાં તેલંગાણા બિલ

નવી દિલ્હી,તા.૧૯

લોકસભામાં જટિલ તેલગાણા બિલ ગઈકાલે પસાર થઈ ગયા બાદ આજે રાજ્યસભામાં તેલંગાણા બિલ પસાર થઈ શક્યુ ન હતુ. ભારે ધાંધલ




ધમાલની સ્થિતિ વચ્ચે આજે આ બિલ રજુ કરી શકાયુ ન હતુ. હવે આવતીકાલે તેલંગાણા બિલને સરકાર રાજ્યસભામાં રજુ કરશે. ભારે ધાંધલ ધમાલ બાદ ગૃહની કામગીરી મોકુફ કરી દેવામાં આવી હતી. બીજી બાજુ અલગ તેલંગાણા રાજ્યની રચના કરવામાં કેન્દ્રના નિર્ણય સામે સિમાન્ધ્રમાં પ્રચંડ વિરોધ પ્રદર્શનનું મોજુ ફરી વળ્યુ છે. કેન્દ્રિય પ્રધાન રાજીવ શુકલાએ વિરોધ વંટોળ વચ્ચે કહ્યુ હતુ કે અમે આવતીકાલે રાજ્યસભામાં તેલંગાણા બિલ રજુ કરીશું. આજે દિવસ દરમિયાન બેઠકોના દોર જારી રહ્યા હતા. પરંતુ કોઈ સર્વસંમતિ સધાઈ ન હતી. ભાજપ દ્વારા રજુ કરવામાં આવેલા સુધારાઓના મુદ્દે વડાપ્રધાને સર્વસમતિ સાધવાના પ્રયાસ કર્યા હતા. તેલંગાણા બિલના મુદ્દે વડાપ્રધાન મનમોહનસિંહ, અરૂણ જેટલી, વેંકૈયા નાયડુને મળ્યા હતા. રાજ્યસભાની કામગીરી મોકુફ કરવામાં આવી હતી. ટીડીપીના સભ્યો તેલંગાણા સામેનો વિરોધ કરીને સેક્રેટરી જનરલ પાસેથી પેપરો આંચકી લીધા હતા. ભાજપે રજુઆત કરતા કહ્યુ હતુ કે જીવંત પ્રસારણ વગર તેલંગાણા બિલ પર કોઈ ચર્ચા કરવામાં આવશે નહીં. મંગળવારના દિવસે લોકસભામાં મહત્વપૂર્ણ તેલંગાણા બિલ પર ચર્ચા કરાઈ ત્યારે ટીવી પ્રસારણ બંધ કરવામાં આવ્યુ હતુ. દરમિયાન લોકસભામાં તેલંગાણા બિલ પસાર કરી દેવામાં આવ્યા બાદ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધીને સિમાન્ધ્રને ખાસ દરજ્જો આપવા વડાપ્રધાનને અપીલ કરી હતી. તેલંગાણા મુદ્દે મડાગાંઠનો અંત લાવવા સોનિયા ગાંધીએ ખાસ દરજ્જાની માંગ કરી હતી. પાંચ વર્ષ સુધી સિમાન્ધ્રને ખાસ દરજ્જાની માંગ કરવામાં આવી છે. આજે ભારે ધાંધલ ધમાલ વચ્ચે તેલંગાણા બિલને રજુ કરવામાં નિષ્ફળતા મળ્યા બાદ આવતીકાલે આ બિલ રજુ થશે.

રાજ્યસભામાં ધાંધલ ધમાલના પરિણામ સ્વરૂપે આજે પણ સભ્યો આક્રમક મૂડમાં દેખાયા હતા. વડાપ્રધાન અને ભાજપ વચ્ચેની બેઠક મળી હતી જેમાં કોઈ સર્વસમંતી સધાઈ ન હતી. જો કે મડાગાંઠને ઉકેલવાના પ્રયાસો જારી રાખવામાં આવ્યા છે.

## આંધ્રના મુખ્યમંત્રી તરીકે રેડ્ડીએ આપેલું રાજીનામું

નવી દિલ્હી,તા.૧૯

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી કિરણકુમાર રેડ્ડીએ આજે નારાજગી વ્યક્ત કરીને રાજીનામું આપી દીધું હતું. સાથે સાથે કોંગ્રેસ સાથે છેડો ફાડવાની પણ જાહેરાત કરી હતી કિરણકુમાર રેડ્ડીએ કહ્યું છે કે શક્ય



તેટલી વહેલી તકે વૈકલ્પિક વ્યવસ્થા કરી દેવા રાજ્યપાલને તેઓ પહેલાથી જ કહી ચૂક્યા છે. લોકસભામાં ભારે ધાધલ ધમાલ વચ્ચે તેલંગાણા બિલ પસાર થઈ ગયા બાદ આને લઈને નારાજ રહેલા કિરણકુમાર રેડ્ડીએ ધારણા પ્રમાણે જ રાજીનામું આપી દીધું હતું. ધારાસભ્ય તરીકે પણ કિરણકુમાર રેડ્ડીએ રાજીનામું આપ્યું છે. તેલંગાણાના મુદ્દે આજે રાજ્યસભામાં ભારે ધાધલ ધમાલ જોવા મળી હતી. આ મહિનાના અંત સુધી તેલંગાણા રાજ્ય હવે અસ્તિત્વમાં આવી જાય તેવી શક્યતા દેખાઈ રહી છે. સીમાન્ધ્ર પ્રદેશ માટે ૧૦ હજાર કરોડના નાણાંકીય પેકેજની માંગણી ભાજપ દ્વારા આજે કરવામાં આવી હતી. કિરણકુમાર રેડ્ડીએ તેમના કેબીનેટના સાથીઓ, ધારાસભ્યો સાથે મહત્વપૂર્ણ બેઠક યોજી હતી. લોકસભા દ્વારા મંગળવારના દિવસે આંધ્રપ્રદેશના વિભાજન સાથે સંબંધિત તેલંગાણા બિલને લીલીઝંડી આપી દેવામાં આવતા ભારતના ૨૯માં રાજ્ય માટેનો માર્ગ મોકળો થઈ ગયો છે. રેડ્ડીએ અગાઉ આંધ્રપ્રદેશનું વિભાજન ન કરવાની વિનંતી કરીને રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને વડાપ્રધાન મનમોહનસિંહને અપિલ કરી હતી પરંતુ કોંગ્રેસ રેડ્ડીની માંગણીને ધ્યાનમાં લીધા વગર આગળ વધી ગઈ છે જેના લીધે રેડ્ડીને આખરે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપી દેવાની ફરજ પડી છે. કિરણકુમાર રેડ્ડીએ રાજીનામુ આપતા દરિયાકાંઠાના આંધ્ર અને રાયલસીમામાં શાસક પાર્ટીને મોટો ફટકો પડ્યો છે.

## સેન્સક્સમાં વધુ ૮૯ પોઈન્ટનો નજીવો સુધારો નોંધાયો

મુંબઈ,તા.૧૯

શેરબજારમાં આજે ૮૯ પોઈન્ટનો સુધાર થયો હતો. આની સાથે જ સેન્સેક્સ એક મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. શેરબજારમાં હાલ તેજી જારી રહી છે. કારોબારના અંતે સેન્સેક્સ ૨૦૭૨૩ની સપાટીએ રહ્યો હતો જે ૨૪મી જાન્યુઆરી ૨૦૧૪ બાદથી સૌથી ઉંચી સપાટીએ છે. એ દિવસે સેન્સેક્સ ૨૧૧૩૪ની સપાટીએ રહ્યો હતો. છેલ્લા ત્રણ કારોબારી સેસન્સમાં ૪૪૧ પોઈન્ટનો સુધારો થયા બાદ તેમાં વધુ ૮૯ પોઈન્ટનો સુધાર થયો હતો જેથી તેની સપાટી ૨૦૭૨૩ નોંધાઈ હતી. ૩૦ શેર સેન્સેક્સમાં ૧૬ શેરમાં તેજી અને ૧૩ શેરમાં મંદી નોંધાઈ હતી. તાતા મોટર્સના શેરમાં યથા સ્થિતિ રહી હતી. બ્રોકરોનું કહેવું છે કે બજારમાં તેજી માટે કેટલાક કારણો જવાબદાર છે. સનફાર્મા, ડોક્ટર રેડ્ડી જેવા દવા કંપનીઓના શેર તેજીમાં દેખાઈ રહ્યા છે. રેનબેક્સીમાં આજે ત્રણ ટકાનો મોટો ઉછાળો નોંધાયો હતો જ્યારે ભારતીય દવા બનાવતી કંપની તેવામાં પણ ઉછાળો જોવા મળ્યો હતો. ઈન્ફોસિસ અને ટીસીએસ સહિતના આઈટીના શેરમાં પણ ઉછાળો નોંધાયો હતો. વૈશ્વિક અર્થતંત્રમાં તેજીનું મોજુ ફરી વળ્યુ છે. આઉટ સોર્સિંગ માટેની માંગ વધી રહી છે. વચગાળાના બજેટમાં કેટલીક રાહતની જાહેરાત કરવામાં આવી હતી. ફુગાવામાં આના કારણે ઘટાડો રહ્યો છે. ૫૦ શેર નિફ્ટીમાં ૨૬ પોઈન્ટનો સુધારો નોંધાયો છે આની સાથે જ નિફ્ટી આંક ૬૧૫૩ની સપાટીએ રહ્યો હતો. બજાજ, હિન્દુસ્તાન અને બલરામપુર ચીની સહિત ખાંડના શેરમાં લેવાલી જામી હતી. કિમતોમાં વધારો થવાના સંકેત પણ દેખાઈ રહ્યા છે. સેક્ટરલ ઈન્ડેક્સની વાત કરવામાં આવે તો આઈટી સેક્ટર ઈન્ડેક્સમાં સ્ટાર પરફોર્મરની સ્થિતિ રહી હતી. તેમાં ૧.૪૮ ટકાનો ઉછાળો રહ્યો હતો. હેલ્થકેર ઈન્ડેક્સમાં ૧.૧૭ ટકાનો સુધારો થયો હતો. એકંદરે ૧૨ સેક્ટરલ ઈન્ડેક્સ પૈકી આઠમાં તેજી જામી હતી. ફોરેક્સ અન મની માર્કેટમાં આવતીકાલે છત્રપતિ શિવાજી મહારાજ જયંતિના પ્રસંગે રજા રહેશે.

## અણણા અને મમતા વચ્ચેની બેઠકથી નવા જ સમીકરણો

કોલકાતા,તા.૧૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જી અને સામાજિક કાર્યકર અણણા હઝારે વચ્ચે રાજકીય સંબંધો દિનપ્રતિદિન મજબૂત બની રહ્યા છે. અણણા હઝારેની સહાયતાથી રાજકીય લાભ ઉઠાવવા



માટે મમતા બેનર્જી પણ તમામ તૈયારીઓ કરી ચૂકી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ અણણા હઝારે મંગળવારના દિવસે તૃણમૂલ કોંગ્રેસના વડા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને મળ્યા હતા. ત્યારબાદથી એવી ચર્ચા છે કે અણણા હઝારે સંસદીય ચૂંટણી સુધી રાજકીય મંચ ઉપર અણણા મમતાને ટેકો આપશે.

અણણાએ ટેકો આપવાની જાહેરાત પણ કરી દીધી છે જેથી તમામ અટકળોનો હવે અંત આવ્યો છે. મમતા અને અણણા નવી દિલ્હીમાં પક્ષના સાંસદ મુકુલ રોયના સત્તાવાર આવાસ ઉપર મળ્યા હતા. બંને વચ્ચે કયા મુદ્દા ઉપર વાતચીત થઈ છે તે અંગે માહિતી મળી શકી નથી. ડીનર વેળા આ બંને એક સાથે ભાગ થયા હતા. મમતા બેનર્જીની દિલ્હીની મુલાકાતને પણ ખૂબ મહત્વપૂર્ણ ગણવામાં આવે છે. બંને નેતાઓની વાતચીતને લઈને નવા રાજકીય સમીકરણોના સંકેત દેખાઈ રહ્યા છે. બેઠક પહેલા અણણા અને મમતાએ એકબીજાની પ્રશંસા કરી હતી. અણણાએ ટીવી ચેનલ ઉપર પ્રશંસા કરતા કહ્યું હતું કે બંગાળના મુખ્યમંત્રીથી તેઓ ખૂબ જ ખુશ છે. બીજી બાજુ મમતાએ કહ્યું હતું કે ગાંધીવાદી નેતાનું તેઓ સન્માન કરે છે. કોલકાતાથી દિલ્હી પહોંચ્યા બાદ મમતાએ આ મુજબની વાત કરી હતી. કોંગ્સ અને ભાજપ સામે લડત ચલાવવા રાષ્ટ્રીય મંચ ઉપર ટેકો મેળવવા મમતાના પ્રયાસ થઈ રહ્યા છે. અણણાની ક્લીન ઈમેજ અને ભ્રષ્ટાચાર વિરોધી ઝુંબેશના કારણે લોકપ્રિયતા વચ્ચે મમતા રાષ્ટ્રીય મતદારો સુધી પહોંચવાના પ્રયાસમાં છે.

## મમતા માટે પ્રચાર નહીં કરવા કાર્યકરોનું સૂચન

નવી દિલ્હી,તા.૧૯

સામાજિક કાર્યકર અને ગાંધીવાદી નેતા અણણા હજારેએ તૃણમૂલ કોંગ્રેસના નેતા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીને ટેકો આપવાની જાહેરાત કર્યા બાદ અણણાના સમર્થકોમાં પણ વિભાજનની સ્થિતિ ઉભી થઈ ગઈ છે. તૃણમૂલ કોંગ્રેસ માટે પ્રચાર ન કરવા કાર્યકરોએ અણણાને આજે અપીલ કરી છે. ભારતના જુદા જુદા ભાગોમાંથી મહિલા પાંખ સાથે જોડાયેલા કાર્યકરોએ સામાજિક કાર્યકરને ખુલ્લો પત્ર લખીને આગામી લોકસભાની ચૂંટણીમાં તૃણમૂલ કોંગ્રેસને ટેકો આપવાની અણણાની જાહેરાત સામે વાંધો ઉઠાવ્યો છે. દિલ્હી અને મહારાષ્ટ્રમાં સત્યાગ્રહ મારફતે લોકસમર્થન મેળવનાર અણણાને પત્ર લખીને નારાજગી વ્યક્ત કરવામાં આવી છે જેથી અણણાના નિર્ણય સામે પણ પ્રશ્ન ઉભો થયો છે. પત્રમાં મહિલા સંગઠનોએ કહ્યુ છે કે નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના ૨૦૧૨ના આંકડામાં દર્શાવવામાં આવ્ય છે કે પશ્ચીમ બંગાળમાં મહિલા વસ્તીની ૭.૫ ટકાની હિસ્સેદારી છે અને મહિલાઓ સામે ગુનાઓની ટકાવારી આશરે ૧૨.૭ ટકાની છે. ૨૦૧૨ના ગાળામાં ૩૦૯૪૨ કેસો મહિલાઓએ દાખલ કર્યા છે. સામાન્ય ગુનાઓ અન મહિલાઓ સામે ગુનાઓના કેસોમાં પશ્ચિમ બંગાળમાં ૪૧.૬ ટકાનો વધારો થયો છે જે દેશમાં સૌથી વધારે છે.

## મુસ્લિમ પણ બાળકને દત્તક લઈ શકે છે : સુપ્રીમનો મત

નવી દિલ્હી,તા.૧૯

એક ઐતિહાસિક અને સીમાચિન્હરૂપી ચુકાદામાં સુપ્રીમ કોર્ટે આજે બાળકને દત્તક લેવા માટેનો અધિકાર મુસ્લિમોને આપ્યો હતો. તેમના પર્સનલ લોમાં આ પ્રકારની કોઈ જોગવાઈ નહીં હોવા છતાં સુપ્રીમ કોર્ટે આ મહત્વપૂર્ણ ચૂકાદો આપ્યો છે. સુપ્રીમ કોર્ટની બેંચે કહ્યુ હતુ કે રાઈટ ટુ એડોપ્શન અથવા તો દત્તક જેવાના અધિકારનો કાયદામાં સ્પષ્ટરીતે ઉલ્લેખ કરવામાં આવ્યો છે. પર્સનલ લો દ્વારા આ પ્રકારની પ્રક્રિયાને રોકી શકાય નહીં. બાળકને દત્તક લેવાની પરવાનગી આપવાનો ઈન્કાર કરવામાં આવ્યા બાદ સુપ્રીમ કોર્ટમાં અરજી કરનાર



સબનમ હાશમીની અરજી પર સુનાવણી ચલાવતીવેળા સુપ્રીમ કોર્ટે આ આદેશ આપ્યો હતો. આઠ વર્ષ જૂની અરજી પર આજે આ ચુકાદો આવ્યો હતો. અલબત્ત સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે તમામ વ્યક્તિગતોને બાળકને દત્તક લેવાનો વૈધાનિક અધિકાર રહેલો છે જેથી આ કેસમાં પણ દત્તક લેવાની જોગવાઈથી ઈન્કાર કરી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુ કે જ્યાં સુધી બંધારણની કલમ ૪૪માં દર્શાવવામાં આવેલા યુનિફોર્મ સિવિલ કોડને લાગુ કરવામાં ન આવે ત્યાં સુધી દેશના કાયદામાં કોઈ પણ પર્સનલ કાયદાથી ઉપર રાખવામાં આવે તે જરૂરી છે. બાળકને દત્તક લેવાનો અધિકાર કાયદાકીય છે અને કોઈ પણ પર્સનલ લો આને રોકી શકે નહીં. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટતા કરતા કહ્યુ હતુ કે દરેક વ્યક્તિને બાળક દત્તક લેવાનો બધારણીય અધિકાર છે પરંતુ આને મૂળભૂત અધિકાર તરીકે જાહેર કરવાનો સમય હજુ આવ્યો નથી. સુપ્રીમ કોર્ટના આજના ચૂકાદાને પર્સનલ લો કરતા જુદી રીતે ગણવામાં આવતા કેટલાક રૂઢીવાદી લોકો આની સામે વાંધો ઉઠાવી રહ્યા છે. પર્સનલ લો બોર્ડના કાયદામાં બાળકને દત્તક લેવાની કોઈ પણ જોગવાઈ કરવામાં આવી નથી.

## મારૂતિ, હ્યુન્ડાઈ, વોક્સવેગને કાર કિમતમાં ઘટાડો કરી દીધો

નવી દિલ્હી,તા.૧૯

દેશની સૌથી મોટી કાર બનાવતી કંપની મારૂતિ સુઝુકી, હ્યુન્ડાઈ મોટર્સ અને વોક્સવેગન કંપનીઓએ એક્સાઈઝ ડ્યુટીમાં ઘાટડો કરવામાં આવ્યા બાદ તેમની કાર કિમતોમાં આજે કાપ મૂકવાની જાહેરાત કરી હતી. વચગાળાના બજેટમાં ઓટો મોબાઈલ પર એક્સાઈઝ ડ્યુટીમાં ધરખમ કાપ મૂકવામાં આવ્યા બાદ કાર કંપનીઓએ આ રાહત લોકોને આપવાનો નિર્ણય કર્યો છે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ તેની કાર કિંમતોમાં ૮૫૦૨થી ૩૦૯૮૪ વચ્ચેનો ઘટાડો તેના મોડલો પર કર્યો છે જ્યારે હ્યુન્ડાઈ મોટર્સ ઈન્ડિયાએ ૧૦૦૦૦થી ૧૩૫૩૦૦ સુધીનો ઘટાડો તેની કાર પર કર્યો છે. મારૂતિ સુઝુકી ઈન્ડિયાએ એક નિવેદન જારી કરીને કહ્યુ છે કે એક્સાઈઝ ડ્યુટીમાં કાપનો સમગ્ર લાભ કસ્ટમરોને આપવામાં આવી રહયો છે. તમામ રેન્જની કાર પર આ રાહતો આપવામાં આવી રહી છે. હ્યુન્ડાઈ મોટર્સ ઈન્ડિયા લિમિટેડે પણ કહ્યુ છે કે એક્સાઈઝ ડ્યુટીમાં કાપનો લાભ લોકોને આપવામાં આવી રહ્યો છે. ઈઓનથી લઈને સેનેટા એફઈ સહિતના તમામ મોડલ પર આ કાપ મૂકવામાં આવ્યો છે. એક્સાઈઝ ડ્યુટીમાં કાપના લીધે ઓટો કંપનીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ છે. એચએમઆઈએલના વરિષ્ટ ઉપપ્રમુખ અને માર્કેટિંગ વડા રાકેશ શ્રીવાસ્તવનું કહેવું છે કે એક્સાઈઝ ડ્યુટીમાં ઘટાડો કરવામાં આવ્યા બાદ કિંમતમાં ઘટાડો સ્વાભાવિક છે. લોકોને આ લાભ આપવામાં આવી રહ્યો છે. વોક્સ વેગને પણ તેની તમામ કારની કિમતોમાં ઘટાડો કર્યો છે. વોક્સ વેગન પોલોની કિંમતમાં ૧૮૦૦૦થી ૩૧૦૦૦ વચ્ચેનો ઘટાડો કરાયો છે. જ્યારે વેન્ટોની કિમતમાં ૧૪૫૦૦થી ૨૭૦૦૦ સુધીનો ઘટાડો કરાયો છે. જેટ્ટાની કિમતમાં ૩૮૦૦૦થી ૫૧૦૦૦ સુધીનો ઘટાડો કરાયો છે.

અગાઉ તાતા મોટર્સ અને જનરલ મોટર્સ ઈન્ડિયાએ પણ કાર કિમતોમાં ઘટાડાની જાહેરાત કરી હતી. અન્ય બાકી રહેલી કંપનીઓએ પણ ભાવમાં ઘટાડો કરવાની તૈયારીમાં છે. જનરલ મોટર્સ પણ ગ્રાહકોને એક્સાઈઝ ડ્યુટીનો લાભ આપશે. જો કે આ કાર કંપનીએ તેની કિમતો કેટલી ઘટાડી છે તે અંગે કોઈ વાત કરી નથી. ૨૭મી ફેબ્રુઆરીના દિવસે નાણાં મંત્રી ચિદમ્બરમે તમામ નાની કાર, સ્કૂટર્સ, મોટર સાઈકલ, વાણિજ્ય વાહનો માટે એક્સાઈઝ ડ્યુટીને ૧૨ ટકાથી ઘટાડીને આઠ ટકા કરી હતી જ્યારે એસયુવી માટે એક્સાઈઝ ડ્યુટી ૩૦ ટકાથી ઘટાડીને ૨૪ ટકા, મધ્યમ કદની કાર માટે એક્સાઈઝ ડ્યુટીને ૨૪ ટકાથી ઘટાડીને ૨૦ ટકા તથા મોટી કાર માટે એક્સાઈઝ ડ્યુટીને ૨૭ ટકાથી ઘટાડીને ૨૪ ટકા કરી હતી.

## ઈપીએફઓ પેનલની માર્ચના પ્રથમ સપ્તાહમાં બેઠક યોજાશે

નવી દિલ્હી,તા.૧૯

ઈપીએફઓ પેનલની અતિમહત્વપૂર્ણ બેઠક માર્ચ મહિનામાં મળનાર છે જેમાં પીએફ ટ્રસ્ટને ટેક્સ મુક્તિ મંજુર કરવાના સંદર્ભમાં વિચારણા કરવામાં આવે તેવી શક્યતા દેખાઈ રહી છે. ઈપીએફઓ પેનલની આ બેઠકમાં અન્ય મુદ્દા પર પણ ચર્ચા વિચારણા હાથ ધરવામાં આવશે. ઈપીએફઓ પેનલની બેઠકમાં એજન્ડામાં કયા મુદ્દા રહેશે તેને લઈને કોઈ વાત કરવામાં આવી નથી પરંતુ આશરે ૭૦ પ્રાઈવેટ પ્રોવિડન્ડ ફંડ ટ્રસ્ટના ગ્રાહકો માટે ટેક્સ લાભનું રક્ષણ કરવાના હેતુસર રિયાટર્ડ મેન્ટ બોડી ઈપીએફઓ દ્વારા માર્ચના પ્રથમ સપ્તાહમાં આ બેઠક બોલાવવામાં આવી છે. નાણાં પ્રધાન પી ચિદમ્બરમે ૩૧મી માર્ચની મહેતલને ટ્રસ્ટ માટે નહીં લંબાવવાનો નિર્ણય કર્યા બાદ આ બેઠક બોલાવવામાં આવી છે. ઈપીએફઓ મારફતે નિયમિત ટેક્સ મુક્તિ મેળવવા ટ્રસ્ટ માટે મહેતલ વધારવામાં આવી નથી. ચિદમ્બરમે વર્ષ ૨૦૦૬માં આ ટ્રસ્ટો માટે ૩૧મી માર્ચ ૨૦૦૭ સુધી મુક્તિના પ્રમાણ પત્ર મેળવવા ફરજિયાત જોગવાઈ કરી હતી. ઈપીએફઓના સેન્ટ્રલ પીએફ કમિશનર કેકે જાલને કહ્યુ છે કે અમે પહેલાથી જ પ્રાઈવેટ પીએફ ટ્રસ્ટને નિયમિત મુક્તિ આપવાની પ્રક્રિયા ઝડપી બનાવી ચુક્યા છીએ.

## સમાચાર ઝલક

- વિભાજન બાદ સિમાંધ્રને ખાસ પેકેજ અપાશે - ગૃહમંત્રીશ્રી શિંદે.
- મલેશિયા એરલાઈન્સ દ્વારા ભારતીય યાત્રિકોને વળતર અપાશે.
- વિદેશી ધરતી પર ભારતીય ટીમનો સતત ચોથીવાર પરાજય.
- ઈડર મહંતની હત્યાનો ભેદ ઉકેલતી ઈડર પોલીસ.
- ગુજરાતમાં ગૃહ વિભાગના કર્મીઓ જ સૌથી વધુ લાંચના છટકામાં.
- લોકસભાની ચૂંટણીમાં ફરજ બજાવનારા કર્મચારીઓનું વેતન બેંકમાં સીધું જમા થશે.
- અમેરિકાના કરવેરાથી ત્રાસીને ત્રણ હજારે નાગરિકત્વ છોડયું.
- નવસારીના આગેવાન ડો. ભનુ હરીવરાના આપઘાતનું રહસ્ય અકબંધ.
- ધારાસભ્યશ્રી છોટુભાઈ વસાવાના પુત્ર કિશોરની હથિયાર રાખવાના ગુનામાં ધરપકડ.
- સૂરતમાં આવેકવેરાનું મેગા ઓપરેશન-33 સ્થળોએ દરોડા.
- હરિયાણાનો એક ખેડૂત પાડાનું વીર્ય વેચીને વર્ષે રૂ. ૪૦ લાખ કમાય છે.
- બ્રિટનમાં દાઉદ બ્રાહીમ, પાકિસ્તાન સ્થિત ત્રાસવાદીઓ ઉપર નાણાંકીય પ્રતિબંધ.
- તલાટીની પરીક્ષામાં ઉચ્છલના તાલુકા વિકાસ અધિકારીને સસ્પેન્ડ કરાયા.
- ગણદેવીના બે શ્વાનો ઊંચાઈમાં વિશ્વમાં મોખરે.
- તહેલકાના તરૂણ તેજપાલને ૧૯૬ સેકન્ડના અટકચાળા ભારે પડયા.
- વડોદરામાં ધો-૯ના વિદ્યાર્થીઓ દારૂ ભરેલી વોટરબેગ સાથે પકડાયા.
- સાંઈબાબાના ભકતનું શિરડીમાં ૧૧૨ કરોડનું દાન.
- સચિન તેંડુલકરની ક્રિકેટર ઓફ ધ જનરેશન પુરસ્કાર માટે પસંદગી.
- વાયુ પ્રદૂષણની ગંભીર નોંધ લેતી હાઈકોર્ટે ૧૧ પાવર સ્ટેશનોને નોટિસ આપી.
- રાજકોટમાં બે કરોડની સોનાની લૂંટ.

## ૫૭ કરોડ આધાર કાર્ડ હજુ સુધી જારી કરાયા

નવી દિલ્હી,તા.૧૯

સંસદમાં આજે સરકારે માહિતી આપી હતી કે ૩૧મી જાન્યુઆરી સુધીમાં ૫૭.૬૨ કરોડ આધાર કાર્ડ જારી કરવામાં આવી ચુક્યા છે. ઓળખના દસ્તાવેજ આધારિત પૂરાવા નહીં ધરાવતા લોકોને પણ આધાર આપવાની હિલચાલ ચાલી રહી છે. સરકારે કહ્યુ હતુ કે જે લોકો પાસે ઓળખના દસ્તાવેજ આધારિત પૂરાવા નથી, સરનામાના પૂરાવાના આધારે પણ નોંધણી થઈ રહી છે. સંસદીય બાબતો અને આયોજન પ્રધાન રાજીવ શુક્લાએ લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં કહ્યુ હતુ કે આધાર માટે નોંધણની પ્રક્રિયા ચાલી રહી છે. હવે ઈન્ટ્રોડ્યુશર આધારિત નોંધણી પ્રક્રિયા શરૂ કરવામાં આવી રહી છે. શહેરી વિસ્તારો અને ઝૂપડપટ્ટી વિસ્તારોમાં એક રૂમના ભાડેથી આવાસમાં રહેતા લોકોને આધાર કાર્ડ આપવામાં આવે છે કે કેમ તેવા પ્રશ્ન પણ શુક્લાએ જવાબ આપ્યો હતો.

શુક્લાએ કહ્યુ હતુકે રાજ્યસરકારોના રજીસ્ટરા દ્વારા આશરે ૩૭૦૦ ઈન્ટ્રોડ્યુશરો ઓળખી કાઢવામાં આવ્યા છે. આ પ્રક્રિયા યોગ્યરીતે આગળ વધારવામાં આવી રહી છે. ધારાધોરણ મુજબ ઈન્ટ્રોડ્યુશરને લેખિત જાહેરનામા જમા કરવવાની જરૂર પડે છે. આધારને લઈને કેટલીક ગુંચવણ હોવાની કબૂલાત પ્રધાને કરી હતી. નાણાંપ્રધાન ચિદમ્બરમે બજેટમાં આ અંગેની વાત કરી હતી.

## મુશર્રફ પર આરોપ મામલે શુક્રવારે કોર્ટનો અંતે ચુકાદો

ઈસ્લામાબાદ,તા.૧૯

પાકિસ્તાનના ભૂતપૂર્વ પ્રમુખ પરવેઝ મુશર્રફ સામે આરોપો અંગે નિર્ણય શુક્રવારના દિવસે કરવામાં આવનાર છે. મુશર્રફ ઉપર હાલમાં કાયદાકીય સકંજો મજબૂત કરવામાં આવી રહ્યો છે. આરોપો ઉપર ચુકાદાને લઈને સઘન સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. મુશર્રફને મંગળવારના દિવસે ખાસ અદાલતમાં રજૂ કરવામાં આવ્યા હતા. આશરે ૧૨૦૦થી વધારે પોલીસદળના જવાનો તૈનાત કરવામાં આવ્યા હતા. મુશર્રફ આર્મ્ડ ફોર્સેજ ઈન્સ્ટીટ્યુટ ઓફ કાર્ડિયાલોજીથી સીધી રીતે કોર્ટમાં પહોંચ્યા હતા. એમ કહેવામાં આવે છે કે આ ઉપસ્થિતિ દરમિયાન મુશર્રફ ઉપર કોઈપણ નવા આક્ષેપો મૂકાયા ન હતા. કોર્ટે મામલાની સુનાવણી શુક્રવાર સુધી ટાળી દીધી છે. મુશર્રફ ઉપર દેશ દ્રોહનો કેસ ચાલવો જોઈએ કે કેમ તે અંગેનો ફેંસલો શુક્રવારના



દિવસે કરવામાં આવશે.

અત્રે નોંધનીય છે કે મુશર્રફ તરફથી એવી દલીલ કરવામાં આવી છે કે કોઈપણ આક્ષેપ મૂકતા પહેલાં કોર્ટ એ બાબત નક્કી કરે કે તેને આ અંગેના અધિકાર છે કે કેમ. સરકારે ૨૦૦૭માં કટોકટી લાગુ કરવાના મામલામાં મુશર્રફ ઉપર દેશદ્રોહના આરોપ મૂકવામાં આવ્યા છે. ત્રણ જર્જની બેન્ચમાં તેમની સામે કાર્યવાહી થઈ રહી છ. પાકિસ્તાનના ઈતિહાસમાં પ્રથમ વખત એક પૂર્વ સેનાપ્રમુખ ઉપર દેશદ્રોહનો કેસ ચાલી રહ્યો છે. ઓરોપો સાબિત થવાની સ્થિતિમાં મુશર્રફને આજીવન કારાવસ અથવા તો મૃત્યુદંડની સજા પણ થઈ શકે છે. કોર્ટે એવી ચેતવણી આપી હતી કે જો મુશર્રફ કોર્ટમાં ઉપસ્થિત થશે નહીં તો તેમની સામે બીનજામીનપાત્ર વોરંટ જારી કરવામાં આવશે. કોર્ટે મુશર્રફના વકીલને પ્રશ્ન કર્યો હતો કે તે કોર્ટમાં ક્યારે ઉપસ્થિત થશે. બીજી બાજુ વકીલે કહ્યું હતું કે સુરક્ષા અધિકારીઓ તરફથી મંજૂરી મળી ગયા બાદ તેઓ કોર્ટમાં ઉપસ્થિત થશે.